શ્રી તુલજા વિચારમાળા

ૐ જય મા

સતયુગની આ તો છે વાત માજી પ્રગટ
થયાં સાક્ષાત્ કર્દમ નામે હતા ઋષિ પત્ની
સુંદર અનુભૂતિ, અનુભૂતિ તો સતી હતાં.
પતિવ્રતા સંપૂર્ણ હતાં

સંયમ સમજણ સેવા સાર શીલગુણે શોભે
સંસાર કર્દમઋષિ કરતા તપ એકચિત્તથી
જપતા જપ કાળેચ્છાની ઘટના એહ
કર્દમઋષિએ તજિયો દેહ સતીને લાગ્યો
ખૂબ આઘાત મનમાં જાગયો ઝંઝાવાત

બળી મરવાનો કર્યો વિચાર સતીઓને એ
સહજાચાર પણ સંતોએ સમજાવ્યાં તપ
કરવા તૈયાર થયાં ગંગાજીને કાંઠે જઈ
આરંભ્યું તપ ફળફુલ લઈ ઉગ્ર તપસ્યા જયાં
સાધી દેહાતીતદશા લાધી.

એક દિવસની આ તો વાત આવ્યો કુકૂર
રાજા પાસ તપમાં લીન સતીને જોઈ કુકૂરે
એની બુધ્દ્રિ ખોઈ મોહ્યો રાજા સતી ઉપર
દૃષ્ટિ બગડી દેવી પર એણે સતીનો પકડયો
હાથ જાગ્યાં મહાસતી સાક્ષાત્

''તમને શું સૂઝયું રાજન અડકયા કયમ આ
તપસીતને ? કામવશ થઈ પકડે હાથ એના
જેવું બીજું ન પાપ '' ઘણું સતીએ
સમજાવ્યો તોયે પાપી ના સમજ્યો જેનું
પતન થવાનું હોય એને સાચું ન સૂઝે કાંઈ

ખૂબ સમજાવ્યો ના સમજે જયમ સમજાવો
ત્યમ ખીજે ભક્ત સંતને છંછેડે નરનારીને
રંજાડે ડગલે પગલે બોલી જૂઠ ઠગી બીજાને
થાયે ખુશ આવો નર છે ખરો અસુર નિંદા
મોહે રહે ચકચુર

એવાને મા તરત હણે નિજ બાળકને લે
શરણે સતીએ માનું ધ્યાન ધર્યું આવાહન
ઉમાનું કર્યુ સતીની ભક્તિ વ્યર્થ ન જાય
પ્રગટયાં મા તો કરવા સહાય કામી કુકૂરના
પ્રાણ હર્યા દેવોએ પુષ્પો વેર્યાં.

મા તો મોહાસુર હણી મોહાસુરમંર્દિની બની
પછી સતીને માએ કહ્યું '' માગ માગ માગે
તે દઉં મારું મનથી ભજન કરે અંતરમુખ
થઈ શરણ ગ્રહે તનમન મારે ચરણે ધરે
એકચિત્તથી રટણ કરે

મનથી મુજને અર્પણ થાય એને કરવાપણું
ન કાંઈ તારી છે સાચી ભક્તિ મળશે જા
મારી શક્તિ'' પછી સતી માગે વરદાન એમાં
તો સૌનું કલ્યાણ '' આગળ આવે કલિયુગ
ઘોર વધશે પાપીનું બહુ જોર

સતીજતીનું ઘટશે માન દંભીનું થાશે
સન્માન વાદ વીતંડાવાદ વધે જ્ઞાન અને
વૈરાગ્ય ઘટે જે તે ગણશે નિજને શ્રેષ્ઠ
સેવાને સૌ ગણશે વેઠ સતીજતીની પરમ
દયાળ તે વેળા લેવા સંભાળ

પ્રગટ થઈ આ પૃથ્વી પર કૃપા કરો નરનારી
પર માએ પાળ્યું સતીવચન દીધું તુલજારૂપે
શરણ સરજયું સુંદર માએ ધામ તુલજાપુર
એનું છે નામ તુલજાપુરમાં જોગી એક
વિશ્વંભરગિરિ નામે લેખ

જોગી જબરા તપસી સિધ કામે ક્રોધે લોભે
અજિત અખંડ મામય થઈને રહે માની સાથે
વાતો કરે એક દિવસ જોગીએ કહ્યું ''
દક્ષિણમાં મા ધામ કર્યું પણ ઉત્તર માં કાંઈ
નથી ભક્તો આવે આંહિ સુધી

ભક્તોને બહુ પડતું કષ્ટ અષ્ટભુજા મા છેદો
સઘ '' પ્રેમે માએ વાત સુણી વિશ્વભંરને
આજ્ઞા કરી '' ઉત્તરમાં દીવો લઈ જા મારો
વાસ દીવામાં જા '' દુકાળ છે તે છે વિશે
જળસુખ કરજે તે દિશે

પરશુરામે ફરશી લઈ મસ્તક માનું છેધું જઈ
રેણુકાએ મૂક્યો શ્વાસ તું ત્યાં જઈને કરજે
વાસ સિધ્ધેશ્વર મહાદેવ હશે તે થાનકની
જમણી દિશે મારું સ્થાપન તું કરજે શંકા
રાખ ન લેશ રદે.

અખંડ રહેશે જલતી જ્યોત તારા મા હું તો
ઓતપ્રોત '' વિક્રમ સંવત એક હજાર
ત્રણસો ત્રેંસઠને રવિવાર દીવો લઈ જોગી
આવ્યા, ભક્તોને મન બહુ ભાવ્યા સિધ્ધેશ્વર
શંકર પ્રગટયા માને જમણે થાપન કર્યા

માના ઝળહળ દીવા બળે દીવામાં મા પ્રગટ
રહે અગ્નિનું આવાહન કીધ જ્યાં બેઠા
વિશ્વંભર સિધ આજે પણ એ સિધ્ધધુણી
અખંડ ચેતે અણીપુણી ધુણીભભુતથી રોગ
મટે ભૂત પલિતને શંકા હટે

માને સ્નાન કરાવ્યું જ્યાં માનસરોવર
સરજ્યું ત્યાં માનસરોવરમાં જે નહાય
તનમનધનથી પાવન થાય આવ્યા શ્રી શ્રીજી
મહારાજ તુલજા માતાજીને દ્વાર સરોવરમાં
જઈ સ્નાન કરી માની સેવા પૂજા કરી

પ્રભુએ સૌ સંતોને કહ્યું માને જોઈ મન બહુ
હરખ્યું શિવને શક્તિ એક જ છે શક્તિવીણ
સૌ શૂન્ય જ છે શક્તિ હોય તો ભક્તિ થાય.
મળે અમારી તો જ સહાય આ મા જે ભાવે
ભજશે એનો અક્ષરવાસ થશે

પ્રભાતગિરિજી માના સંત તે પર ખૂબ
હરખ્યા ભગવન્ મનની ઈચ્છા જાણી લઈ
શ્રીજી ભેટયા કંથા દઈ શ્રીજી પ્રસાદી છે
નિજધામ સત્સંગીનું આશ્રયધામ રણકાપર
થી રેણુકપુર ઉત્તરનું તો તુલજાપુર

રેણકપુરનું રણુ થયું ભક્તોનું નિજધામ
બન્યું રવિ અને મંગળ ગુરવાર માના એ
તો આશિષવાર મા પાસે જે તે દિને જાય
એનાં સઘળાં કામો થાય શિવાજીની વહારે
ચડયાં ખડગ આપીને પડખે રહ્યાં

સુરથને મા આપે રાજ્ય કહ્યું સમાધિને ‘‘ તું
માગ ’’ સમાધિએ માગ્યું સદ્‌જ્ઞાન દૂર કયું
માએ અજ્ઞાન આધભવાની કલીયુગમાં
તુલજા નામે છે જગમાં શ્રધ્ધા ભક્તિ
બુધ્ધિરૂપ ત્રિપુરા તે પણ તુલજારૂપ

મનબુધ્ધિની પેલે પાર સકલ જગતનો મા
આધાર મૂલાધાર નિવાસિનિ મા અવિકારી
બહુનામી મા સ્નેહસુધામયી મા અભયા
વિશ્વમોહિની મા અચલા સચરાચર વ્યાપક
સકલા સતશિવસુંદર મા કમલા

સાત ગુણ ગાયે ગીતા કીર્તિ શ્રી વાણી મેધા
સ્મૃતિ ધૃતિ ને સાતે મા ભૂલ કરે તો આપે
ક્ષમા માનું કિર્તન મા પર પ્યાર
સગુણનિર્ગુણનો એ સાર ગાયો વેદોએ
મહિમા દેવો પણ બોલે મા મા

પ્રગટ અને છે ચેતન દેવ સાદ કરે કર ઝાલે
સદૈવ સંતતિ સુખસંપતિ મળે આવી આફત
તરત ટળે જે જે માનું શરણ ગ્રહે બાધા
રાખી બધી ફળે માયા મનની સઘળી તજે
એકચિત્તથી માને ભજે

હું પદ મોભો માન ભૂલે તો મા તરત જ
ખોળે લે શ્વાસેશ્વાસે મા જે રટે, જન્મમરણ
તેનાં તો કટે નાનકડો પણ ઉત્તમ શબ્દ
માથી શ્રેષ્ટ ન બીજો શબ્દ બચપણ થી મા
શબ્દ ગમ્યો અંદર રગ રગ રમ્યા કર્યો.

મા શબ્દે છે સઘળો સાર એ વિના બીજું
નિસ્સાર ના જાણું ભકિત કે ધ્યાન તારું રહો
મા અનુસંધાન માના શરણે છે સઘળું સુખ
માના વિસ્મરણે છે દુઃખ માનો મહિમા
અપરંપાર વાણી કયાંથી પામે પાર?

મારી ભૂલોનો નહિ પાર તોયે ખખડાવું મા
દ્વાર કાલાઘેલા શબ્દો ચાર લઈ આવ્યો તારે
દરબાર રાજુ તારો બાળ અબોધ તારામા
એનો નિજબોધ બોલું જે કંઈ જે રીતે બનો
પ્રાર્થના તારી તે.